**Commissioner of Schools Guj. State Gandhinagar** (seal)

# બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી - ૨૦૨૩ના ફાઇનલ મેરીટ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે ઓનલાઇન શાળા પસંદગી અંગેની સૂચનાઓ

- બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી-૨૦૨૩નુ ફાઇનલ મેરીટ લિસ્ટ તા.૧૩/૦૭/૨૦૨૩ના રોજ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.
- ફાઇનલ મેરીટ લિસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોને આ અંગેની જાણ SMS થી પણ કરેલ છે.
- ફાઇનલ મેરીટ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોએ આચાર્યની ખાલી જગ્યાઓ સામે ઓનલાઈન શાળા પસંદગી આપવાની રહેશે.
- ફાઇનલ મેરીટ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો <u>તા.૧૩/૦૭/૨૦૨૩ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકથી તા. ૧૪/૦૭/૨૦૨૩ના રોજ સાંજે ૬.૦૦ કલાક</u> સુધી વેબસાઈટ www.gserc.in પર પોતાની ઓનલાઈન શાળા પસંદગી આપી શકશે.
- ફાઇનલ મેરીટ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો પૈકી ઓનલાઈન શાળા પસંદગી ન આપનાર ઉમેદવાર ભરતી પ્રક્રિયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવશે. જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.
- ફાઇનલ મેરીટ લિસ્ટમાં સમાવિષ્ટ થવાથી કે Online શાળા પસંદગી આપવાથી ઉમેદવારનો નોકરીનો હક્ક પ્રસ્થાપિત થઇ જતો નથી. તેની નોંધ લેશો.
- ઓનલાઈન શાળા પસંદગી આપવા માટે, .................................
  - ઉમેદવાર વેબસાઈટ www.gserc.in પર જઈ Apply for Grant-in-aid Principal વિકલ્પ ક્લીક કરવાનો રહેશે.
  - જે ક્લીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો HMAT નંબર, HMAT પાસિંગ વર્ષ, જન્મતારીખ, પાસવર્ડ અને ફિક્સ Captcha Code નાખી લોગઈન થવાનું રહેશે.
  - લોગઈન થતાં સ્ક્રીન પર District Selection ના બટન પર ક્લિક કરવાનું રહેશે જેમાં જિલ્લાઓના નામ હશે જે પૈકી મહત્તમ સાત જીલ્લાઓને આપે આપની પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે અને ત્યારબાદ save બટન કલીક કરતાં આપના બોક્ષમાં આપે જિલ્લાઓ જે ક્રમમાં પસંદ કર્યા હશે તે ક્રમમાં જે તે જિલ્લાની આપને મળવાપાત્ર જગ્યાઓની યાદી આપને જોવા મળશે.
  - જો આપ પુરૂષ ઉમેદવાર હશો તો આપને કન્યાશાળા સિવાયની જગ્યાઓ જોવા મળશે અને જો મહિલા ઉમેદવાર હશો તો આપને કન્યાશાળા સહિતની ભરતી પ્રક્રીયામાં સમાવિષ્ટ તમામ જગ્યાઓ જોવા મળશે.
  - આ રીતે શાળાઓની યાદી જોવા મળ્યાં બાદ આપે આ શાળાઓ પૈકી મહત્તમ સાત શાળાઓને આપના પસંદગીના ક્રમમાં ગોઠવવાની છે. જેમાં જે તે શાળા પર કલીક કરતા તે શાળા આપોઆપ સામેના બોક્ષમાં ગોઠવાઇ જશે. આપની ઇચ્છાનુસાર મહત્તમ <u>સાત(૭) શાળાઓને</u> પસંદગીના

ક્રમમાં ગોઠવ્યા બાદ આપે save બટન કલીક કરવાનું રહેશે જે કરવાથી આપની શાળા પસંદગી વેબસાઇટ પર રજીસ્ટર્ડ થઇ જશે. પરંતુ પસંદગી આપ્યા બાદ જો ઉમેદવારને એવુ લાગે કે તેઓએ આપેલ પસંદગીમાં કોઇ ક્ષતિ રહી છે અને તેઓ કોઇ ફેરફાર કરવા માંગે છે તો screen પર Reset District અને Reset Schools નુ બટન દબાવી તેઓ પોતાની પસંદગી પુન: આપી શકશે.

- આપે શાળા પસંદગી ખૂબ જ કાળજીપૂર્વક કરવી જરૂરી છે. ઉદાહરણ તરીકે જો કોઇ ૭ થી ઓછી સંખ્યામાં શાળાઓ પસંદ કરે છે અને તેણે પસંદ કરેલી શાળાઓ મેરીટ કમ પ્રેફરન્સમાં તેઓનાથી ઉંચા મેરીટવાળા ઉમેદવારને મળી જાય તો તેવા કિસ્સામાં તે ઉમેદવારને એકપણ શાળા મળશે નહીં અને પસંદગી યાદીમાં તેનુ નામ આવશે નહીં જેની જવાબદારી જે તે ઉમેદવારની રહેશે.
- આમ આ તમામ બાબતોને યોગ્ય રીતે સમજી ખૂબ જ કાળજી પૂર્વક શાળા પસંદગી આપવી.
- ઉમેદવારો પોતાની શાળા પસંદગીમાં શાળા પસંદગી આપવાની છેલ્લી તા.૧૪/૦૭/૨૦૨૩ના રોજ સાંજે ૫.૫૯ કલાક સુધી ફેરફાર કરી શકશો. પરંતુ તા.૧૪/૦૭/૨૦૨૩ના રોજ સાંજે ૬.૦૦ કલાક આપે જે શાળા પસંદગી આપેલ હશે તેને અંતિમ માની સોફ્ટવેર ઓટો સબમીટ આપી દેશે અને તદ્દનુસાર આપના મેરીટ મુજબ આપને સોફ્ટવેર ઓનલાઈન શાળા ફાળવણી કરવામાં આવશે.
- શાળા પસંદગી પૂર્ણ થઇ ગયા બાદ તેનું પરિણામ વેબસાઇટ પર મૂકવામાં આવશે જેમાં મેરીટ કમ પ્રેફરન્સના ધોરણે આપને ફાળવયેલ શાળાઓની યાદી મુકવામાં આવશે.
- જરૂરી સૂચનાઓ ધ્યાને લઈને જ શાળા પસંદગીની પ્રક્રિયા કરવી. જેથી શાળા પસંદગી આપતા સમયે કોઈ ક્ષતિ ન રહે.
- ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય માટેની ભરતી પસંદગી સમિતિ આપને શુભકામનાઓ પાઠવે છે.